દંગાનું મુળ.

પ્રસિધ્ધ પેગંબરો નામનું પુસ્તક, કોઇ વિદ્વાન પારસીએ કેટલીક અંગ્રેજી બુકોના આધારે રચીને થોડા દિવસોપર બહાર પાડયું હતું. તેમાં મુસલમાનોના પેગંબર. વિષે કંઇ દૂષણ આવ્યું હશે, તે વિષે અહીંના કેટલાએક મુસલમાનોએ આપસમાં મસલત કીધી, કે એ પુસ્તકમાં આપણા દીનને માઠું લાગે એવુંછે. એવો વિચાર કરી અહીના પોલિસ કમિસનર મી૦ શાઊટર પાસે તે વિષેની ફરિયાદ કીધી હતી. તે ફરિયાદ મી૦ શાઊટરે સાંભળીને તે બુક બનાવનાર પારસી ગ્રહસ્તને તેડાવીને તેની બનાવેલી ચોપડિયો તારાજ કરાવી હતી. ફિતુરી મુશલમાનોએ તક જોઈ ધર્મને બહાને લુટ મેળવવાની તથા પારસીઓ સાથે મારામારી કરવાની ગોઠવણ કરીને સીદિયો તથા આરબોને ઊશ્કેરી કેટલાક પારશીના ઘરબાર લુટીને, તથા તેમનાપર જબરો માર મારીને તેમના કેટલાક ધર્મ ધામ ધુ... બાળી દીધાં. આ બખેડામાં જોકે મુસલમાનોના મર્દોની પારસીઓ કરતાં વધારે ખુવારી થઇછે તોપણ તેમનામાં જંગલી સીદિયો અરબો ... પણ પારસીયોમાં જાનમાલ તથા તેમના ધર્મને ધક્કો મોટો લાગે... મલાયછે. પોલિસનો જોકે બંદોબસ્ત હતો ખરો, પણ આ ભયંકર એકાએક ઊઠેલા હુલ્લડને બેસાડી દેવાને પોલિસ અશક્ત થઇ હતી. કારણ કે સીદિયો તથા આરબોનો બનથુક જમાવ થયાથી પોલિસની પોંચ પોંચો સુકી નાહી, અને જાણે એક નાન્હા બલવાનું રવરૂપ પકડયું, તેથી પોલિસ લાચાર કેહેવાયછે. આવી જાતની જુલુમગાર જુલુમિયત અંગ્રેજ સરકારનાં અદલ રાજમાં આપણે કદી પણ ન જોયલી તથા ન સાંભળેલી તે આ વખતે આબેહુબ જોઇ દીલગીરી સાથે અચંભામાં પડિયે છિયે. અંગ્રેજ સરકાર આપણા જાન માલના રક્ષણ સારૂ આવો સખ્ત બંદોબસ્ત રાખતા છતાં ધોળે દાડે ધાડ પડી એ કેવળ આપણા પોલિસ અમલદારોની કેટલીએક બેપરવાહીની

નિશાનિયોછે માટે એ બાબતમાં અંગ્રેજ સરકારને દોષ અપાશે નહી. અંગ્રેજ સરકાર પોતાની પ્રજાની જેવી કીમતી રક્ષા, તથા સેવા બજાવેછે. તેવી બીજા દેશોની સરકારથી કદાચ બનતી હશે. વાસ્તે અમલદારોની ઉપર વાહી પણાંને લીધે આપણી માયાલુ સરકારને બટ્ટો લાગવો ન જોઇએ. અમે એમ નથી કેતા કે તેઓ પોતાના સઘલા બંદોબસ્તમાં બેપરવાહછે, અથવા અશક્તછે. માત્ર તેમની આવી બનેલી કેટલીએક ખામી ખોળી શકાયછે. તેથી અમલદારોએ સાવચેતી રાખવી જરૂરછે. હાલમાં બંદોબસ્ત આપણી નામદાર સરકારે પક્કો કીધોછે, અને પુનેથી લશકર બોલાવીને, અહીના તમામ તોફાની મયદાનપર પલટણી પોરા બેસાડી દીધાછે. જેથી તોફાન બંધ પડી ચાલ્યુંછે. તોપણ હજી છુટા છવાયા પારસીઓ માર્યા જવાની ધાસ્તીછે અને પારસીમાં ભયભીત પાણું હજી સુધી નરમ પડયું નથી. માટે આપણી માયાળુ સરકાર એવોતો પાકો બંદોબસ્ત કરશે કે જેથી ફિતુરી મસ્તાખોર માણસો એકે એક પકડાઇ આવશે. અને તેમને ભયંકાર શિક્ષા [illegible] તેમની અક્કલ ઠેકાણે આણશે. ફિતુરિયો પણ હવે આ [illegible]ના ભયથી ફિતુર કરશે નહી કાં કે તેમને પણ તેમના જાન વહાલા [illegible] લોકો કેવળ ઉશ્કેરવાથી માથું ઉઠાડેછે. માટે આવા પાકા બંદોબસ્તથી તેમનું કશું પણ હવે ચાલવાનુ નથી. તોપણ જરથોસ્તી ભાઇયોએ જાણવું જોઇએ કે આ સમયમાં બહાર છુટે છવાયે ફરવાની હમેશા હોશિયારી રાખવી જરૂરછે. કારણ કે હાલ જાં સુધી ફિતનાનું મુળ નાબુદ થયું નથી ત્યાં સુધી તેમ કરવાની જરૂરછે. આ સઘલા બનેલા બનાવની વીલાપકારક ગરબીયો આવસમાં સંપથવા માટે રચવામાં આવીછે અને એ જરથોસ્તિયોને અભય કારકછે માટે આશાછે, કે સર્વે જરથોસ્તી ભાઇઓ આ ચોપાનિયાને ઊંચો આશ્રય આપી ગોરવકારક ગણશે.

લા૦ શં૦ ગ૦ ક

ગરબી ૧ લી.

ઓ! સહિયરરે ભયભિત, ભય, ભાસેછે હુલ્લડ હાલમાં,
મારામારીમા તંગી થઇછે, આ મુંબઇ મ્હાલમા.

ઇસ્વી સન અઢારસો આજે,
ચોંઓતેર ઉપર ગણુ ગાજે;
ફેબરવારી મહિનો લાજે—ઓ સહિયરરે૦

લુટાયાછે કઇ લક્ષપતી,
જરથોસ્તી જનની થઇ જપતી;
ધોળે દાડે પડિ ધાડ અતી—ઓ સહિયરરે૦

અંગ્રેજી અમલ અખંડ છતે,
જરથોસ્તી જોયા ભૂંડિ ગતે;
મસ્તીખોરોનો ત્રાસ થતે—ઓ સહિયરરે૦

ધર્યું ધર્મ તણું મિષ ધારીને,
જરથોસ્તી જનપર જારીને;
કરિ ખરાબિ ખોટી ખારીને—ઓ સહિયરરે૦

બહુ ધન ધામ પારસિ કેરાં,
તોડી પાડયાં લૂટી ઘેરાં;
અડિ આતશ કીધાં આભેરાં—ઓ સહિયરરે૦

સીદી આરબોને સળ સળગી,
જરથોસ્તી જનને જમ વળગી;
મારીને લૂટયા આજ લગી—ઓ સહિયરરે૦

પોલિસની પેખી ન બલાઇ,
જેથી જુલમીઓ જબરાઇ;
કીધી જરથોસ્તીપર ધાઇ—ઓ સહિયરરે૦

સખિ શોકાતુર પારસિ ભારી,
બહુ થયા લક્ષમાં લાચારી;
જોઇને જુલમ જબેકારી—ઓ સહિયરરે૦

બચુબાઈએ, સુનાબાઈપર આ હુલ્લડ જોઈ દીલગીરીપણામાં લખેલો કાગળ.

ગરબી ૨ જી.

(ભુલી ભમેછે ભામિની, નૈષધ નાથની નાર—એ રાગ.)

સખી સોની શોકાતુર આપણે, ચિંતાતુર ચિત્ત,
ભય ભિત ભુમી ભાળુ હું, ભાને થઇ ભય ભિત્ત—સખી સોની૦

વિધિ વૈરી થયો આસમે, વ્હાલી થયો વિનાશ,
સગાં કુટુંબી આપણા, મૂકે નિશ્વાસ—સખી સોની૦

જરથોસ્તી જન જાળવે, જીવતર કરિ જત્ન,
મુસલમીનોના મારથી, રોળાવિયાં રત્ન—સખી સોની૦

કોટ અને બ્હારકોટના, પારસી પ્રખ્યાત,
ટોળે ટોળાં મળિ સાથમાં, સોચે દિન રાત—સખી સોની૦

છોડી વતન ધર્મ કારણે, વસવા આવ્યાજ અત્ર.
અંગ્રેજોના રાજની, છાયા જાણીને છ[illegible]

આજ સુધી આનંદમાં, દિન ગાળ્યા દીદાર,
આવી આફત પૂરી આ સમે, મુસલમીનોની માર—સખી સોની૦

ધર્મ તણું મિશ ધારિને, મૂઢ મુસલમાન,
લૂટી ગયા લાજ લાખમાં, જરથોસ્તીની જાન—સખી સોની૦

કઇકના ઘરબાર લૂટિયાં, પીડા આપીને પ્રાણ,
ધર્મ ધામ ધૂળે રોળિયાં, આપી અપમાન—સખી સોની૦

પ્રાણ પીલ્યા કઇ પારસીના, માર મારીને મોટિ,
ધોળે દાડે ધાડ ધમધમી, ખલ દલની ઓટિ—સખી સોની૦

ઓ મારા મિત્ર જરથોસ્તિયો, સુણજોરે સમસ્ત,
જંપ કરીને સંપથી, આણો એનોજ અસ્ત—સખી સોની૦

થાશ ખરાબી આપણી, માર્યા જાશો વણમોત,
તેનો ઉપાય તમે કરો, કાપી કાળો કોટ—સખી સોની૦

પંચાયતના પારસી, પ્યારા કરજો પ્રમાણ,
પીડા ટાળો પ્રતિપાળિને, ઉગારીને પ્રાણ—સખી સોની૦

જમસેદજી જીજીભાઈ જે, જરથોસ્તીમાં એક,
સહાય કીધી જેણે શોભતી નીતીવાળી જે નેક—સખી સોની૦

બેરામજી જીજીભાઈએ, બાહોશી બતાવિ,
આગેવાની કરી આ સમે, પીડા પર્મ પતાવિ—સખી સોની૦

જેણે જણાવી સરકારને, પીડા પ્રલય કરાવિ,
બંદોબસ્ત બંધાવિયો, સ્થિરતાજ થપાવિ—સખી સોની૦

સરકારે ફરિયાદ સાંભલી, શાણ પણથીજ સારિ,
પૂનેથી લસ્કર તેડિ ને, ભય ટાલ્યોછે ભારિ—સખી સોની૦

જેથી જુલૂમ મટી ગયો, જરથોસ્તીની જાણ,
ભાસે અલી, હજી થાતીજ હાણ—સખી સોની૦

છવાયા પારશી, ધંધાદારી જેહ,
માર્યા જાય મારગે જતાં, ત્રાસ રાખ્યું તેહ—સખી સોની૦

ઓ મારી સહિયર શાણિરે, કેમ ધીરજ ધારૂ,
દેહ કંપે નિત માહરી, વિપતી હુ વિચારૂ—સખી સોની૦

શીતળ છાયા સરકારની, તોય જન્મ્યો જુલુંમ,
તેથી હવે લાચાર થઇ, અક્કલ કીધી ગુંમ—સખી સોની૦

સુઝ પડે નહિં શાણિરે, જરથોસ્તીને હાલ,
સોચે સઘળી ટોળકી, ટાળવા જંજાળ—સખી સોની૦

ઇરાન છોડી આપણે, અહિં આવ્યા કંટાળિ,
તો પણ ત્રાસ તુટયો નહી, વીચારેછે વ્હાલિ—સખી સોની૦

જુલુમ જારી જો રેહશે, આવો થાતો અન્યાય,
તો) છોડવો પડશે દેશ આ, થોડા દિવસો માંય—સખી સોની૦

એશિયા ખંડમાં આપણે, નથી વસવાનો ઠામ,
ખંડ નવો જે અમેરિકા, વસાવિયે આમ—સખી સોની૦

રાચ રચીલાં આપણાં, વધ્યાં વરસોથી વ્હાલિ,
થાશે ખરાબી તેહની, અહિંથી ઊઠવે આલી—સખી સોની૦

તેથી કુદરતને કરગરૂ, કાપવા કંકાસ,
પાક પારસી કોમનો, ટાળવાને ત્રાસ—સખી સોની૦

———o———

ગરબી ૩ જી.

(સારૂં સારૂં રે સુરત શેહેર, મુંબઇ અલબેલી—એ રાગ.)

પામ્યા પામ્યા રે પારસિ લોક, પીડા પારવની,
ઘિર ઠોકાયા કઇ થોક, બળતી બલા બની—પીડા પારવની૦

પ્રસિદ્ધ પેગંબરની પોથી પ્રગટી જે પરમાણ રે,
જે બાને મુઢ મસ્તાનોએ, લીધા કઇના પ્રાણ—પીડા પારવની

શુકરવારે સળગાવીને, ધાર્યું બહુ તોફાનરે,
સીદી અરબોને ઊશ્કેરી, રોળાવ્યું રમખાણ—પીડા પારવની૦

દીન દીન જુમ્મા મસજીદમાં, મુસલમાનને મોઢેરે,
સંભળાતો જે સાદ શેહેરમાં, જરથોસ્તીની જોડે—પીડા પારવની૦

ઇન્સ્પેક્ટર પોલિસનો જે, ફરામજી કેહેવાયરે,
તોફાની સાથે જેણે કરિ, જવાંમર્દિ બોલાય—પીડા પારવની૦

હટાવિયા હુલ્લડ ખોરોને, બળ કરિને બે વારરે,
ત્રીજી વખતે સહાયતાવણ, ખાધો ખુની માર—પીડા પારવની૦

જમશેદજી જીજીભાઇના, જમાઇનૂં ઘર લૂટ્યૂંરે,
જીજીભાઇ ધનજીભાઇ, નામે જે ઘર હૂતૂં—પીડા પારવની૦

લૂટી લીધૂં પેરતનજીનૂં દવાખાનું દીદારરે,
બાગ બલાણી બદકારોએ, લૂટયો ફરીથી ઠાર—પીડા પારવની૦

અગયારી પસતાગિયાની, બિંડીબજારે જેહરે,
જેનૂ ફરનીચર સહુ ફોડી, લૂટી લીધી તેહ—પીડા પારવની૦

શની સવારે શ્હોર થયો બહુ, સીદીઓનો ત્રાસરે,
ભીંડી બજારમાં ભય ભારયો ન્યાબ્યો નષ્ટ નાશ—પીડા પારવની૦

આદિતવારે ચંદનવાડી, ચકલે આવિ ચઢાઇરે,
બે) પારસીઓએ પ્રબળ પણેથી, લઢિને કીધિ લઢાઇ—પીડા પારવની૦

ડંડા સોટાઓથી લડિયા, માથાં નાખ્યાં ફાડી રે,
આપસમાં અન્યાય કરીને, ઓછાઇ કીધિ આડી,—પીડા પારવની૦

મરતાનો લોકોના માનવિ, બહુ પામ્યા વીનાશરે,
પારસિયોમાં પણ દસ પંદર, ઘાયલ થયા ઘણાજ—પીડા પારવની૦

સીદીઓનો શોર સાંભળી, થઇ પોલિસની પ્રબલાઇ રે,
પોણસો સીદીઓને, બાંધ્યા બળથી ધાઇ—પીડા પારવની૦

સ્વારી આવી પુગી, તેવે શાઉટરની શુરરે,
જેથી) વિખરાઇ લડવૈયાઓની, ટોલી કહિજે કૂર—પીડા પારવની૦

છુટા ફરતા કઇ પારસિએ, મુગો ખાધો મારરે,
તેથી ભય પેઠાછે ભારે, પારસિયોમાં પાર—પીડા પારવની૦

તેમજ) મુસલમાનમા પણ ભય પેઠા, પારસીયોથી પૂરરે,
એક બિજાના રેહેઠાણોમાં, જાયે નહી જરૂર—પીડા પારવની૦

કારણ વેર પરસ્પર વધિયો, જેથી થાવે નાશરે,
તેથી ચેતો બંન્ને કોમો, સંપે કરો સમાશ—પીડા પારવની૦

૫૯.

(અરરૈ આ કોટ વળ્યો કાળો—ઊડીગયો આનેસ્ટી વ્હાલો—એ રાગ.)

થયું આ તોફાન કેવુંરે, દીસે દરિયાનાં જેવુંરે,
વાયુ રૂપી મસ્તીખોરોની મસ્તી, પસરી ચારે પાસ;
જહાજ રૂપે જરથોસ્તીઓની ટોલી, ધ્રુજાવી ત્રાસ—થયું૦

ઝબકી ઊઠે જયમ વાદળે વિજળી, કરી કાળો કકડાટ,
આવી પડી પારસી કોમ ઉપર, કંપાવીને કકળાટ—થયું૦

માર્યા ગયા જેથી મોત વિનાના, જરથોસ્તી કંઇએક,
લુટાયા લાખો પતી પારસી કંઇ, નામદારો નર નેક—થયું૦

ધોળે દાડે ધાડ ધુંધપણેથી, ધરણીમાં ધમ ધમિ ધાક,
ધર્મ ધામ જરથોસ્તના ઢોળી, પાવક અભડાવ્યો પાક—થયું૦

પોલિસની પ્રબલાઇ છતે પણ, પીડાયા પારસી પુર,
દૈવ કોપ આ દેખીતો દમિયો, કંકાસ કળિયો ક્રૂર—થયું૦

શોક સિંધુની ચારે તરફથી, ચઢી આવી રંજિત રેલ, મારે
જેને થોભાવવા રાજ પતીએ, ડોકી થરથરતી ઠેલ—થયું૦

પુનેથી લશ્કર પ્રૌઢ તેડાવ્યું, રોકવા આ રમખાણ,
જેના આવવાથી તોફાનિયોની, તોડાઇ તુંદી તાણ—થયું૦

જંપ્યા જેથી જરથોસ્તીના જીવ, જીંદગી જોગવે જંન,
ભય ભિત તોપણ ભાનથી સઘળા, મેલાં સહૂના મંન—થયું૦

પુર પીડાયા પારસી લોકો, પૃથ્વીમાં પડિયો પાડ,
રાડ રખડતી રૈયતમાં થઇ, રંજકારક રંઝાડ—થયું૦

મુંબઈમાં લશકરની હીલચાલની હાલત.

કાવ્ય છંદ.

લસ્કર લીલા લેહેર, શેહેરમાં થઇછે સારી,
મુંબઇનું વધ્યું રૂપ, જેહથી જન દુખકારી.

ઠામ ઠામ દેખાય, સંતરી સબળા સાજે,
સોલજરો અંગ્રેજિ, બાગ્યૂલો વીર અવાજે.

અસ્વારો અંગ્રેજિ, અમલદારોથી આજે,
શોભે મુંબઇ શેહેર, શુર સેનાના સાજે.

બહાર કોટની બહાર, કોટ ભણિ પડાવ રાજે,
થાય કવાયત જયાહ, જુએ નિત રૈયત સાંઝે.

પોલિસની પ્રબલાઇ, શેહેરમા સઘળે સાજે,
[illegible] સુંધી તૂટિ, તીન તોફાન તરાસે.

તાબુતી ત્હેવાર, કહેછે જે તોફાની,
મુંબઇ માંહ મનાહિ, થઇછે થાતે હાની.

બ્રિટિશ રાજ બળવંત, બુલંદી જેની બઢતી,
તેમાં શી મકદૂર, મસ્તિખોરોની ચઢતી.

નિર્ભય નિર્ભય કરો, કામ સહુ નીતીકારી,
સરકારી સન્માન, સદા કરિને શુભ કારી.

સંપ કરીને સર્વ, જંપથી જનમળિ જંપો,
કરતાં કુડ કંકાસ, કંઇક કુદરતથી કંપો.

હોરી.

મુંબઇમાં મેદનિ છટકી,
જેથી મસ્તી થતી સહુ અટકી.

ભયને નામે નજરે પડે નહિ, ન દીસે લુચ્ચાઇ લટકી,
સ્થિરતા સઘળે થોભિ રહીછે, સોદા ગયા સહુ સટકી.

હુલ્લડ હાણુ હોરીને હટકી, મુંબઇમાં મેદનિ છટકી,
કૌમ પારસી ગોદીયો સાથે, ફાગ ખેલ્યા ફરિ ફટકી.

રંગ લોહીથી કંઇક રંગાયા, માર ખાઇને મટકી,
લુટાયા લાખમાં લાયકી, મુંબઇમાં મેદનિ છટકી.

પિચકારી સમ તોપો આવી, તોફાન સાથે તકી,
જેથી હુલ્લડ હંકેરાઇને, પાણીમાં ડુબ્યું પટકી.

કવાયત કરડી કડકી, મુંબઇમાં મેદનિ છટકી,
ઋતુ વસંતની આ બલિહારી, ચઢાઇ જે આ ચટકી.

ટેસુ ફુલે ત્યમ તોફાની, તરૂવર ફુલ્યું તટકી,
જેનૂ મૂળ નાખ્યું મડકી, મુંબઇમાં મેદનિ છટકી.

ગઝલ.

જુલમી જુલમ ઝનૂનિઆ, જંજાળી જંગી જાલ,
જરથોસ્તીઓ પર જાગિયો, હુલ્લડ હવાઈ હાલ—જુલમી૦

ચળકી તલવારો જેહથી સિપાહિયાની શૂર,
નાબુદી થઇ તોફાનની, નીશાનદાર નૂર—જુલમી૦

અમલ અદલ અંગ્રેજનો, આલમ અવલ અમોલ,
ફતે ફતે મુબારકીનો, બંદગાની બોલ—જુલમી૦

સંપ અને કુસંપ તથા મુંબઈની ચઢતી અને પડતી દશા વિષે.

દૃષ્ટાંતો.

(શાર્દૂલ વિક્રીડિત વૃત્ત.)

આરાધૂં અવિનાશિ ઇશ પ્રથમે કલ્યાણ કારી પ્રભૂ,
જેની શક્તિ અનંત અંતર ગતી વિશ્વેશ વંદૂ વિભૂ.

નીરાકાર સ્વરૂપ બ્રંહ્મ ભરતા સાકાર હે સ્વામિ તું,
વિશ્વા મિત્ર વિશાળ વિશ્વ કરતા વૈકુંઠ વિશ્રામિ તું.

(વસંત તિલકા વૃત.)

ત્રૈલોક્ય નાથ તવ ધ્યાન ધરૂં હું ધ્યાને,
આનંદ અંગ કરિને ગુણ ગાઉં ગાને.

દેશી સમસ્ત જનનાંજ દુઃખો દળાયે,
પ્રાર્થૂં પવિત્ર પ્રભુઓ ! પ્રણ પાકતાયે.

લાવણી.

(સહુ ચલો જીતવા જંગ બ્યૂગલો વાગે—બ્યૂગલો વાગે—એ રાગની.)

સહુ સજો સર્જનો સંપ, જંપ જડિ જડિને—જંપ જડિ જડિને,
સ્થાપો મળિને સ્થિરસ્થંભ, દંભ દળિ દળિને.

કડ કડતો કહું કુસંપ, વધ્યો વધિ વધિરે—વધ્યો વધિ વધિરે,
દેશી જનમાં નહિ જંપ, કળે નહિ કધિરે.

શા થયા દેશિના હાલ, ખબર નહિ ખોળી—ખબર નહિ ખોળી—ખબર નહિ ખોળી,
કરિ કુસંપથી કીમતી, ખુલંદી ખોળી.

આ પશ્ચિમ હિન્દુસ્થાન, પ્રતાપી પ્રબળું—પ્રતાપી પ્રબળું,
કેહેવાતૂં સહુથી મુખ્ય, સદનમાં સબળું.

ગરૂઓ આ ગુર્જર દેશ, બેશ બોલાતો—બેશ બોલાતો,
જેનિ વિશ્વ વિષે વિખ્યાત, વૈભવી વાતો.

હતિ સોનાની સુગંધિ, કીમતી જેમાં—કીમતી જેમા,
શુરવીર સબળ સરદાર, શોભતા તેમાં.

કરિ કુસંપએ કકળાટ, તેજિ સહુ તોડી—તેજિ સહુ તોડી,
થઈ સુગંધિ સત્યાનાશ, આખરી ઓડી.

કરિ ચઢાઇ જેવી તીવ્ર, મુસલમાનોએ—મુસલમાનોએ,
લૂટી લક્ષ્મીને લાજ, ખૂબ ખાનોએ.

પંચાસર પુર પ્રખ્યાત, જીતિને જોરે—જીતિને જોરે,
લુટિ સોમનાથની લાજ, કપટથી કોરે.

રજપૂતોમાં રમખાણ, કુસંપે કેવૂં—કુસંપે કેવૂં,
દળ દળાયુ જેનું દંગ, જંગમાં જેવું.

લઇ ગયા લુટિને લક્ષ્મિ, યવન નિજ દેશે—યવન નિજ દેશે,
થયુ ગરીબ આ ગુજરાત, લક્ષ લવ લેશે.

ગયું ભરતખંડ ભારતી, કુસંપ કારે—કુસંપા કારે,
પરદેશીઓને હાથ, ખલકમાં ખારે.

શુરવીર મહારણધીર, ક્ષત્રિકુળ ખુટયું—ક્ષત્રિકુળ ખુટયું,
જે કુસંપમાં કેહેવાય, ત્રાસથી તુટયું.

કૌરવ પાંડવ કુળ કટયું, કુસંપી કેશે—કુસંપી કેશે,
યાદવ કુળનું વિધ્વંશ, વળ્યું જે વેશે.

શુર સુર્યવંશ સરનામ, સંપ વણ સુનૂં—સંપ વણ સુંનુ,
થઇ ચંદ્ર વંશની હાણિ, જણાયે જુનૂં.

થઇ કુસંપથી બહુ હાણિ, મુસલમાનોની—મુસલમાનોની,
ખોઈ બેઠા પાદશાહિ, પુરખાઓની.

જે થયા બહુ વીનાશ, વિશ્વમાં વાજે—વિશ્વમાં વાજે,
તે કુસંપથી કેહેવાય, કુડતા કાજે.

અંગ્રેજોનો સત સંપ, ઓળખો આજે—ઓળખો આજે,
જે બળથી પૃથ્વી પતી, રાણિજી રાજે.

સંપે આ હિન્દુસ્થાન, જેમણે લીધું—જેમણે લીધું,
પ્રિય પૃથ્વીમા બહુરાજ, પરાજય કીધું.

મુંબઈની ચડતી જોઈ, સંપથી ભારી—સંપથી ભારી,
જયાં વૈભવવંત વિશાળ, વધ્યા વેપારી.

સંપેથી બહુ વ્યાપાર, વધ્યો જયાં વ્હેલો—વધ્યો જયા વ્હેલો,
દોલતનો દિલ દરિયાવ, પ્રકાશો પ્હેલો.

જયાં મંડળ મ્હાજન કેર, મોટું મન વાયે—મોટુ મન વાયે,
વ્યાપારે જે વીશાળ, સુજન સંભળાયે.

કરિ [illegible] સહુએ સાથ, પ્રથમમાં જયારે-પ્રથમમાં જયારે,
મુંબઈ [illegible]ડતી આણિ, વીર વ્યાપારે.

થઇ દા[illegible]ની ભ્રષ્ટ, નષ્ટ નિરધારે—નષ્ટ નિરધારે,
તેથી પામ્યા તે દુઃખ, અધિક આ વારે.

દેશી જનમાં કુસંપ, વધ્યો વિસ્તારે—વધ્યો વિસ્તારે,
નહિ પતીજ પાળેકોય, પરસ્પર પ્યારે.

તેથી મુંબઇની દશા, માઠિ મનવાયે—માઠિ મનવાયે,
દિન દિન પ્રતિ દિન પડતીજ, અવસ્થા આયે.

કઇ થયા કુસંપે રંક, શેઠિયા શુરા—શેઠિયા શુરા,
જે પંકાએલા પરમ, પ્રતાપી પુરા.

કઇકે દીવાળાં કાઢિ, લીધિ બદનામી—લીધિ બદનામી,
પત પરંપરાની ખોઇ, ખોળિને ખામી.

રે ઊંડા ઊંડા સહુ શુર, સેઠિયા સંગી—સેઠિયા સંગી,
સજી સંપ પરસ્પર પ્રીત, તોડિદો તંગી,

ધરિ વચારિને વેપાર, અસલ સ્થિતિ આણો—અસલ સ્થિતિ આણો,
મુંબઈ ચઢતી ચાહિ, પ્રેમ પરમાણો,

જશ વધારિને વિશ્વાસ, સંપથી સાથે—સંપથી સાથે,
આબાદાની આદરો, હોડથી હાથે,

દિલ દાનત ચોખી રાખિ, દ્વેષ નહિ દાખો—દ્વેષ નહિ દાખો,
જન મન તન રંજનકાર, જમાવી લાખો.

મળિ મ્હાજન મંડળ સર્વ, સંપ સણગારો—સંપ સણગારો,
સુખ સાગર જેથિ ભરાય, વેદના વારો,

તરખડનુ આ તોફાન, થયું આ કાળે—થયું આ કાળે,
જેથી થઈછે બહુ હાણિ, પ્રજાની પાળે.

એ કુસંપથી કકળાટ, થયોછે ભારી—થયોછે ભારી,
થઈછે તેથી બહુ હાલ, ખલકમાં ખ્વારી.

રે બળતા ઉપર ડામ, દિધો આ દાઘી—દિધો આ દાઘી,
જેથી મુંબઈની પુરિ, ખરાબી ખાધી.

ઊદ્યમનો બહુ બગાડ, થયોછે જેથી—થયોછે જેથી,
મુંબઈની પડતી પુરિ, થવાની તેથી.

તેથી વિનવું હુ વીર, ધીર રૈયતને—ધીર રૈયતને,
વળિ મુસલમાન મગ્રહુર, જંગિ જૈયતને.

રે તજો તીન તોફાન, તોડિ દો તુંદી—તોડિ દો તુંદી,
સજી સંપ પરસ્પર તજો, ધર્મની ધુંધી.

રે સીદી આરબ વળી, કોકણી ભાઇ—કોકણી ભાઇ,
શ્રાં પકડાઓ પ્રખ્યાત, હુલ્લડો હાઇ.

રે મારા મારી માંહ, મરો વણ મોતે—મરો વણ મોતે,
મરિ ગયા માનવી બહુ, જંન તમ જોતે.

તે દેખીને દિલ દાઝ, અધિક ઉર સાલે—અધિક ઉર સાલે,
માટે સહુને કર ગરૂં, એદનાં ખ્યાલે.

પ્યારા પારસિથી પ્રીત, પુરી પરમાણો—પુરી પરમાણો,
જે સુખી સબળ સાજંન, પસરવી જાણો.

જેનાથી રોજિ રળાય, તમારી તાજી—તમારી તાજી,
તેનાથી સ્નેહ સદાય, રાખંવા રાજી.

જે બધાદાર બોલાય, બહાદુર બંદા—બહાદુર બંદા,
મુંબઇમાં નામાંકીત, વધારે ધંધા.

પ્રબળા જે પારસિ લોક, સંપમાં સબળા—સંપમાં સબળા,
સુ [illegible]લા સદગુણિ સર્વ, પ્રીતિમા પ્રબળા.

સુખિ[illegible] નર સંપે સહુ, સભ્ય સંસારી—સભ્ય સંસારી,
ગુજરા[illegible]ની જ્ઞાતિ, વસેલી ભારી.

સુખ સંપ ગુમ્યો જેમનો, દેખિયો ધારી—દેખિયો ધારી,
પણ સંપે થઇ આપણી, દશા દુખકારી.

રે સજો સજો સહુ સંપ, સજંન સુખકારી—સજંન સુખકારી,
કુડ કંપાવો કુસંપ, કપટ કુળકારી.

પ્રતિ પાળો પ્રીતીધર્મ, પરસ્પર પ્યારી—પરસ્પર પ્યારી,
કરિ વિલાસ વિદ્યાતણો, વધો વિસ્તારી.

કળકારી કવિતા કિધી, કીમતી ભારી—કીમતી ભારી,
કવિ સામળ કરે કહી, સંપ સુખ સ્વારી.

બેત.

જુલમગારનો થયો જુલમ જાણ,
ચિતંકારનો ચિતં આ પ્રમાણ.

થયો પારસીપર પિડાકાર પ્રાણ,
ગજબ ગુંજર્યો આ ગુનાહી ગવાણ.

ખાવંદ ખામોશ ખાંતે કરાવ,
થાયે કદીનાજ એવા બનાવ.

ખલકમાં ખુશાલી ખુદા તું ખણાવ,
મસ્તાનિઓને વિનાશ અણાવ.

અદલ રાજ અંગ્રેજનું આ અમોલ,
જેમા સદા થાય ખામોશ બોલ.

પામે પ્રજા સુખ સહુથી સવાર,
નિર્ભય પણાની નવીછે નવાર.

હુલ્લડ હવાર થયું આ હવાલ,
કુદરત કર હું કળાને સવાલ.

અમલદારનો ગવાયે ગુનાહ,
પાળો નહી જેહએ પત પનાહ.

જેથી અદલ રાજને લાગ્યું આલ,
કુદરત કરાવે ગમે તેં કૃપાળ.
ઓ ! બાપ માફી દિયે તું દયાય,
આબાદ આલંમ આનંદ થાય.
મિલનસાર મર્દો મળે સંપસાજ,
અંગ્રેજનુ આ અદલ થાય રાજ.
મહારાણિજીને મળે મુલ્ક માલ,
આબાદિ અદકી દિયે ઓ દયાળ.

આમીન !